પ્રસ્તાવના.

આર્યો ?—હાલના વખતમાં દેવ, દેવી, મહાત્મા, માતા, પિતા, ગુરૂ તથા પ્રભુ ભકિતની અંદર અત્યંત પુસ્તકો પ્રગટ થયેલાં છે. પરંતુ તે પુસ્તકોમાંના ધણાખરાં પદનાં અર્થ ગુહ્ય રહેલાં છે. તેથી કેટલાંક મનુષ્યો પદના અર્થ પરિપૂર્ણ સમજી સકતા નથી. ને તે કારણથી લોકો તેવાં પુસ્તકો ખરીદવાને આગળ પડતા નથી. આ પુસ્તક તેથી ઉલટું એટલે દરેક પદના અર્થ પરિપૂર્ણ સમજી સકાય તેવા છે.

આ પુસ્તકના રાગો નાટય રાખવાનો એવો હેતુ છે કે હાલમાં છ-તાં નાટકો વાંચ્યાથી તથા ખેલો જોવાથી યુવાન તરૂણ આર્યોનાં મન બોધ તર્ફે નહિ દોડતાં, તેમાંના રાગો ઉપર દોડે છે. કેટલાંક નાટકોનાં પદો એવાં છે કે તેનું સ્મરણ કર્યાથી મનુષ્ય કુટીલતાને પ્રાપ્ત થાય છે. તે હેતુથી તથા કેટલાક સદગુણી મિત્રોની સલાહથી તેવી ઢબ આ મ-ળે પ્રસન્ન કરી છે.

ધર્મો તેજક બાંધવો ! અને બ્હેનો ! !

આપનો આ સ્થળે ઉપકાર માનતાં અમને અપૂર્વ આનંદ પ્રાપ્ત થાય છે કે, આપે આ લઘુ પુસ્તક છપાતાં પ્રથમથી જે મદદ આપી અમને સંતોષ પમાડયા છે. તેવીરીતે અન્ય ચોપડી તર્ફ ભાગ્યેજ અમી દ્રષ્ટિ દર્શાવી હશે ! આ ઉપરથી અમે અનુમાન કરીએ છીએ કે અમારા સ્વદેશી તરૂણોને ગ્રંથો વાંચવાનો શોખ થવા માંડયો છે. તેથી અમને બેહદ ખુશાલી ઉતપંન થાય છે.

રાગ શ્લોક. (શાર્દૂલવિક્રીડિત)

જીવનપાળ દયાળ આ જગતમાં, શાન્તિ સદા સ્થાપજો;
જીવના સહુ હ્રદયના આ કલેશો, માતા મારી કાપજો.
ભાંગી ભોડા દોષો ટાળી દૂર અમને, શાન્તિ શાન્તિ આપજો;
ઇશ્વરી સુધર્મ માર્ગે સુજનને, આ ગ્રંથથી છાપજો.

૧૯૫૭ અશાડ શુદી ૨ રવીવાર } શ્રી કડી દેવી સમાજ મંડળી.
સુ. શહેર કડી.

શ્રી જુગતંબાને નમઃ

મનો રંજન દેવી પ્રાર્થના.

મંગળા ચરણ.

અખિલ આ અવનિ વીસે શ્રી સિંધવાઇ જગતમાઇ ૐ
સુખદાઇ માત છો વિશ્વમા વિખ્યાત છો. અખિલ. ૧
ભકિત તારી પ્રાણપ્યારી કરીએ સરવે ઉમંગથી,
હેતથી, પ્રિતથી, ચિતથી, રિતથી, અખિલ. ૨
શ્રી કડી દેવી સમાજ મંડળી ગુણ ગાયે આજ,
લાગી પાય, ગુણ ગાય, સુખી થાય, દુઃખ જાય. અખિલ. ૩

ધનાશ્રી.

જય કરો દીનરાત સિંધેશ્વરી, જય કરો દીનરાત—જય.
શેવક અમને જાણી તમારા, ભવ તારોને માત. સિંધે૦ ૧
દુખ ભંજની દેવી તમે, છો જળ સ્થળ વિખ્યાત. સિંધે૦ ૨
માતા આ બાળક છેજ તમારા, પાયે નમે જોડી હાથ. સિંધે૦ ૩
રંક શેવકપર દયા લાવો, પાર ઉતારો માત. સિંધે૦ ૪
પ્રેમ ધરીને ભકતજનો, ગુણ ગાય હે પ્રખ્યાત. સિંધે૦ ૫
રચીએ અમે પદ તમારાં, કરો મદદ સુખ સાત. સિંધે૦ ૬
“શ્રી કડી દેવી સમાજ મંડળી,” હર્ષથી નમેછે માત. સિંધે૦ ૭
સર્વે મિત્રો સાથે મળીને, જોડે તમોને હાથ. સિંધે૦ ૮
“સુરજમલ સુત જીજીભાઇ,” ગુણો ગાય છે માત. સિંધે૦ ૯

રાગ વિશ્વનાથ તુવીના ન કોઇ સા’યકારી

સિંધવાઇ માત તમ વિના ન ભક્ત સુખકારી. ટેક
ચંદ્ર તેજ મુખ રમણીયે અંગ શુવર્ણ ધારી;
મંગલ પ્રદ પુર્ણ પ્રભા તેજ ઝંઝકારી. સિંધ ૧
માજી અમને અવની માંય થાઓ સા’યકારી;

સૃષ્ટિમાં દીસે તમારી સર્વ શક્તિ સારી. સિંધ ૨
શાન્તિ જગમાં આપો માતા, સ્તુતિ એ છે અમારી;
નમી નમીને ભક્તો વિનવે, લેજો તે સ્વીકારી. સિંધ ૩
પાપ ક્ષમા માગીએ પાસ, દેવી અમે તમારી;
અચળ સુખ આપો અમને, જય જય જયકારી સિંધ ૪
માત, તાત, ભ્રાત તમે, પરમ ઉપકારી;
સત્ય ધર્મ આપી અમને, રાખો સદાચારી સિંધ ૫
મંડળી કુશળ રાખો માજી, જ્યાં સુધી ભાનુંદય થાય;
માગણી કરે "જીજીભાઇ" મુખે માએ સદાય સિંધ ૬

કલ્યાણ.

જય સિધેશ્વરી, માત તું ખરી; તારો છે આધાર અમને માત ઇશ્વરી—ટેક
જાંબુ દ્વીપના ભરત ક્ષેત્રમાં, કડી શહેર છે જ્યાંય,
"કડી" શહેરની દક્ષિણ દીશે, અતિ જંગલની માંય જય ૧
પ્રાચિન કાળે હતું ત્યાં, એક છાપર નામે ગામ;
કંડ, કડી, ને પીરોજપુરની, વચ્ચે કર્યો મુકામ જય ૨
દર અશાડી સુદની બીજે, મેળો ત્યાંય ભરાય;
રાય રંક સહુ નર નારી જ્યાં, દર્શન કરવા જાય જય ૩
વાર રવીની મંડળી સર્વે, લાગે તમારી પાય;
બેઉ કર જોડી "હીરાલાલ, સુત બાપાલાલ" ગુણ ગાય જય ૪

દીંડી.

માત સિંધેશ્વરી અર્જ ઉરધારો;
સહુ જગતને મા આશરો તમારો
કરો દાસ કેરો સફળ જનમારો માત ૧
ઘણાં દાસ તણાં આઇ કષ્ટ કાપ્યાં;
વળી કીંકરોને સદા સુખ આપ્યાં;
કરે વિનતી સદા સેવક તમારો માત ૨

રવી વાર તણી મંડળી કે'વાય
હાવ ભાવ થકી માના ગુણ ગાય:
જાણી ભવ તારણો એક આરો માત ૩
કર જોડી કહું અર્જ સ્વીકારો;
કરૂ શેવા માજી ભક્ત હું તમારો;
"કુબેર"સુત તણી અર્જ ઉરધારો માત ૪

નાચ.

આજે આનંદ આનંદ થેઇ થેઇ કાર થયો. (૨)
માનો દરબાર ઘણો ગાજી રહ્યો, આજે. ૧
માજી કનક સિંહાસને બેઠાં ચડી (૨)
ધરી શિર છત્ર રૂડુ રત્ન જડી, આજે. ૨
ભુજ ચારમાં તે આયુધ શોભે સહી. (૨)
ત્રીશુળ કટાર ખાંડુ ખપ્પર ગ્રહી, આજે. ૩
ભંડાશુર મ્હૈશાશૂર, ચુંડ મુંડ તણી (૨)
રકતબીજ આરાશૂર, શુભ, નિશુભ હણી, આજે. ૪
જેને શિશ નમાવ્યું, કાળ ક્રોધ હણી (૨)
આશા પૂરો માજી આજે નર નારી તણી. આજે. ૫

કલ્યાણ.

આનંદછે અતિ, કરોમાત શુભગતી; દાસને કૃપાકરી દ્યો નિર્મળી મતિ, ટેક.
હેત ધરીને ભક્તિ કરતા, પારે આવી નર નાર;
આશા પુરો માતા મારી, થાય જય જયકાર, આનંદ. ૧
નામ તમારૂ લેતાં મૈયા, પાપી પાવન થાય;
કૃર કાળ આ ભૂમી માંના, ઝટપટ દુરજ જાય, આનંદ. ૨
સૃષ્ટિ માંહી કરીને વૃષ્ટિ, હરો અમારાં દુખ;
હર્ષ ધરીને ભક્તિ કરીએ, માગો માતા ભુખ, આનંદ. ૩
દેવી સમાજ મંડળી માતા, લાગે તમારે પાય;
"જીજીભાઇ" ભકત તમારો, ગુણ સદાએ ગાય, આનંદ. ૪

રાગ ડરમાં તું દીલ સાથ.

શ્રી કડી દેવી સમાજ, મિત્રો સૌ શ્રી કડી દેવી સમાજ;
રવીવારની મંડળી આજ, મિત્રો સૌ શ્રી કડી દેવી સમાજ.
ચાલોને આજે, દરશન કાજે, હોમ હવન ત્યાં થાયછે આજે,
નાના પ્રકારનાં વાજીંત્ર વાજે, રત્નસિંહાસને માજી બીરાજે,
સામું સરોવર સુંદીર છાજે. (મિત્રો ત્યાં જઇ આપણુ સું કરીશું ?
માતુશ્રીનું પૂજન કરીશું.) કરો પૂજન માજીનું આજ—મિત્રો. ૧
ચાલોને જૈએ, ખોટી ન થૈએ; કંચન થાળ ભરી કર સોઇએ,
સર્વે પૂજાપો સંગાથે જોઇએ; કુમકુમ કેશર અક્ષત લઇએ,
આજ ઉમંગે શ્રી સિંધવાઇ જઇએ, (મિત્ર પૂષ્પ લેવાંતો ભૂલી ગયા?
શામાટે માતુશ્રીના બાગમાં અનેક પ્રકારનાં પુષ્પો છે.)
માની આરતી કરીએ આજ—મિત્રો. ૨

બિલાવર.

નમીએ જગ જનુની તમને, સુખ કારણ આજ;
સા'ય કરો સેવક ગણી, હે દીનનાં શિરતાજ. નમી૦ ૧
અટન અમો સહુ કરતા, કુડા જગની મોઝાર;
તેમાંથી તમે તારશો? માજી દીન દયાળ. નમી૦ ૨
સગાં માતપીતા ને છોકરાં, ગ્રંથ વખતે થાય,
પણ અંતકાળે કામ કાંઈ, આવે નહિરે જરાય. નમી૦ ૩
આખા જગમાં આશ તાહરી, અમોને છે હે માત;
રાત દીવસ ભજીએ, સાંજ મધ્યાન પ્રભાત. નમી૦ ૪
મૃત્યુમાં જીંદગી ગુમાવી, જાવું પાસે કીરતાર;
સા'ય કરો ઝટ માતજી, સુખ થાય નિરધાર. નમી૦ ૫
"દેવી સમાજ" સહુ બાળકો, ગુણ તમારા ગાય;
આનંદ પામે "જીજીભાઇ" નમીને માગે સા'ય. નમી૦ ૬

રાગ આવ્યા છીએ પાસે શંભુ તમારી.

આવ્યા છીએ પાસે, માજી તમારી આવાર (૨)
મ્હેર કરો માજી દુખ હરો તમે, સુખ કરો આવાર
તારો નીધીથી બ્હાર. આવ્યા. (૨)
નમીને કહેછે હીરાલાલ સુતતો મ્હેર કરો મારી માય,
વાર રવીની મંડળી સરવે, લાગે તમારે પાય. આવ્યા. (૨)

રાગ અમે ઇશ્વર માગીએ એટલું.

નમીએ જનની સીધેશ્વરી તમને,
થાવો પરિતુષ્ટ અમને માત, પ્રણામ અમે કરીએ. ૧
સુખ દાનીકા માત તમે સદા,
આપો અપવર્ગ અવદાત, પ્રણામ અમે કરીએ. પ્રણામ. ૨
આખા જગમાં તિમીર છવાયું,
તેમાં તમે છો માતા ત્રાતા. પ્રણામ. ૩
કર્યો હશે નીધિ અમે પાપનો,
પણ કરો તમે મુદ માતા. પ્રણામ. ૪
કરો અવનીમાં મુક્ત માતજી;
છીએ સહુ લઘુતમ બાળ. પ્રણામ. ૫
રાખો લલિત વદન કિશોરનું,
કરો સુખો સદ દયાળ. પ્રણામ. ૬
પાપ સમુહી જંન તુંને જે નમે;
તેનાં દુખ છો તમે હરનાર. પ્રણામ. ૭
જુદી અવનિમાં અટન કરતા;
તેમાંથી તારો સદ દયાળ પ્રણામ. ૮
કરો રક્ષા અનુચરની માતજી;
જેથી પામીએ સુખ સદાય, પ્રણામ. ૯

અતિ અરણ્યમાં માત બીરાજતાં,
જ્યાં છે કમળા કર વિશાળ, પ્રણામ. ૧૦
છો જગ ગ્નાતા તમે સિંધવાઇ માતજી;
ભણે "જીજીભાઇ" અમૃત ધાર, પ્રણામ. ૧૧

ગીતિ

"અસરા સરણ સુખ દાતા, હરકત સહુ જગતની હરજો",
"શુભ કરજો સહુ જનને, મંડળીનીએ અરજી ઉર ધરજો" ૧૨

ગીતિ.

"માજી તણું છે મંદિર, કોસ દોઢ તે "કડી"થકી થાયે;"
"ઝાડી ઘણી જ્યાં સુંદીર, શેવક આત્રી લાગે સૌ પાયે" ૧૩

ગીતિ.

"જાગતી જોત જગતમાં, અકળ ગતિ છે માજી તણી ન્યારી;"
"જળ સ્થળ સઘળે વ્યાપી, જયજય સિંધવાઇ માતુશ્રી મારી" ૧૪

રાગ-લીલાવતી તું કેમ આવી સાસરીએથી ઉદાસ

સૌ શેવકને સિંધેશ્વરી તારો છે આધારરે,
બાળકોને હે મૈયા ભવ સાગરમાંથી તારરે, સૌ. ૧
સિંધ દેશથી આવ્યાં માટે, સિંધેશ્વરી નામરે;
એક રૂપી દેવી સર્વ વસે, જુદા દામરે, સૌ. ૨
ખડ્ગ ખપ્પર કરમાં ઝાલી, કરતી ભકત રક્ષાયરે,
કીધો વધ અશુરો તણો, ને દુષ્ટોનો પણ માય, સૌ. ૩
બ્રહ્મા આદિ દેવતા સર્વે ગુણ તારા ગાયરે;
ગુણ ગાઇ દેવી સમાજ મંડળી લાગે પાયરે, સૌ. ૪

રાગ-ગુરૂ ગોવીંદના મહીનાનો

હે મૈયા તમને નમુ આજ આનંદ લાવીરે,
તમ ચરણુમાં મુકું શોશ, મંદીર આવીરે—ટેક

છે અમારે તમ આધાર, જગમાં માતારે,
તમે કાપી અમારાં દુખ, કરો સુખ સાતારે, ૧
તમ ભજેથી હે માત, આનંદ કાહાવેરે;
જાપ જપવાને મંદીર, શેવક આવેરે, ૨
રૂડાં ભજુ હું અંબેમાત, આરાશુરવાળીરે;
જે છે જગમાં પ્રખ્યાત, દુખ હરનારીરે, ૩
વળી ભજીએ બહુચરમાત, ભકિત ધારીરે;
તમ શેવકોને માત, લેજો તારીરે. ૪

બીહાગની ગજલ.

જય સિંધેશ્વરા લાગીએ તમોને પાય;
સા'ય કરો તો હમારાં, દુખ સર્વ જાય, ૧
ભકત કેરાં દુખ હરો, તમે દીન દયાળ;
કિશોર જાણી સા'ય કરો, ભુમાં હર હર વાર, ૨
કદિ અન્યાય અરે માય, તમ શેવકો કરે;
તો એ દેવી સિંધવાઇ, ભયદુખ હરે, ૩
હરદમ શેવક આ, ભકિત તો કરે,
તમ પ્રતાપે "જીજીભાઇ" ઉમંગથી ફરે, ૪

લાવણી.

કરી પ્રાર્થના માગુ તુજ પાસ, માતજી આજે,
આવ્યા દર્શન કરવા કાજ, સાય તું થાજે. ૧
સહ્યુ ઘણા દીવસથી દુખ વીયોગનું ભારી;
તુજ પાસે આવ્યા આજ, સહુ નર નારી. ૨
જેથી નમી સૌ નરનાર લાગે તુજ પાયે.
તમ દરશનથી અમદાસ તણાં દુખ જાયે. ૩
જેથી મ્હેર કરી મુજમાત હવે કર સા'ય;
મળી મંડળી સરવે સાથ, "કુબેર" સુત ગાય. ૪

રાગ ડરમાં તું દીલ સાથ

જોડે મંડળી હાથ, સિંધેશ્વરી જોડે મંડળી હાથ,
આવીએ સૌ સંગાથ, સીધેશ્વરી જોડે મંડળી હાથ.
જગ વિખ્યાતા, હે તમે માતા,
શેવક તમારા ગુણો ગાતા, ભકતોને કરો માજી સુખસાતા,
છો તમે જગમાતા ત્રાતા, કીંકર કેરાં તમે છો દાતા,
અવનિમાંહી તમે પંકાતા.
(માતુશ્રી ! શેવકના પ્રણામ હૃદયમાં લેશો ?)
જેથી સુખ થાયે માત સિંધેશ્વરી. ૧
જગ રૂપાળુ, હું તો ભાળુ.
ભકિત વિના સહુ કાળુ ને કાળુ, હૃદય વખતે દેખુ અંધાળું,
ભકિત થકી જગ રૂપાળુ, અંધારામાં થાય અજવાળું.
(ભાઇ ! ભક્તિથી સર્વ મળે છે.)
જોડે "જીજીભાઇ" હાથ સિંધે. ૨

ગીતિ.

"સ્નેહે ભકતો આવી, સ્તુતિ ગાઇ સાંત કરે મનને"
"હસ્ત જોડીને વિનવે, ખાંત ધરી સહુ ભકતો મા તમને" ૩

ગરબો શું નટવર વસંત થેઇ થેઇ નાચી રહયો એ રાગ

રામ જન્મનો દીન રળીયામણો ઘણો.
રળીઆમણો ઘણો નવરાત્રિ તણો—રામ.
રામજન્મ રવીવારને, નવ રાત્રિ કહેવાય,
શુભ મહુર્ત જોઇ મંડળી, સ્થાપન થઇ જગમાંય
હેત્રી સમાજ રવીવારની મંડળી_
ભકતોના મંન આનંદ ઘણો આનંદ ઘણો નવરાત્રિતણો રામ. ૧

નમે સહુ કર જોડીને, હે સિંધવાઇ માય;
તમ પ્રતાપે મંડળી અમર રહો જગમાંય.

દીન દીન ચડતી થાય તે જશ તમનેરે,
સહુ ગુણ તમારા ગાય એ જશ અમનેરે. ૨

પારે આવીને નીત રમીએરે લોલ, જેથી માજીને ઘણા ગમીયેરેલોલ
આરતી મંગળ ગાયજો, શેવા કરીને સૌ નમીએરે લોલ.
છીએ માજી અમે બાળ તમારા, કૃપા કરી દુખ હરજો અમારા.
ગુણ ગાઇએ મા તમારા, હરતાં ને ફરતાં આ જગમાં. ૩

તપે તેજ શશિ રવિતણું, આ અવનિ મોઝાર,
રહો મંડળી ત્યાં લગી, માજી તમ આધાર.

એવું જાણીને સૌ સાથે હો, માતજી,
ગુણ ગાય તંન "કુબેર" તણો. રામ ૪

આશાગોડી.

અમે આવ્યા પાસ તમારે હે સીંધવાઇ માજી આવ્યા પાસ તમારે.
આ ભવસાગર આપ વિના કોણ, હમ મસ્તકથી ઉતારે. હે. ૧
આધિ વ્યાધિથી જગત પીડાતું, તેમાંથી તું તો ઉગારે હે. ૨
ક્ષણમાં સુખ દુખ આવે ને જાવે તું સંતાપો કલેશ મારે હે. ૩
આ જગ સુખ સૌ ખોટુ જાણી, ભજીએ ભાવે દીનદયાળે હે. ૪
જ્યાં ત્યાં જંનને સુમતિ દેજો, કાપો કુમતિ સંસારે હે. ૫
કહે "જીજીભાઇ" માજી ભયહરજો. કરૂણા કરીને ભારે હે. ૬

રાગ. થયાછોરે પતિતેજ પ્યારી.

જુવો માઇ સિંધવાઇ બિરાજે અતિ જંગલ માંહે. ટેક
સિંધ દેશથી આવી વશીયાં કોશદોઢ વનમાય,
ત્રણગામે, બીચ ધામે, ઠરી ઠામે, હતુ ગામે,
કડી શહેરની દક્ષિણ દીશે, અતિ જંગલ માંયે જુવો. ૧

પ્રાચિનકાળે છાપરનામે ગામ હતુ તે ઠામ;
મન માન્યુ, મુજ માનુ, વસવાનુ, સિંધવાઇનુ,
"કુબેર" સુતની વીનતી એ છે વસીયા મા ત્યાંયે. જુવો. ૨

રાગ ઉપર પ્રમાણે

થઇછે રે આનંદની રેલી મા સીંધવાઇ પાસે. ટેક
ધર્મ શકિતનો છે અતિસારો કે જેથી ભજી શકાય.
છે સારો, તારનારો, જયકારો, સુખવાળો,
"મા" સમર્થાથી નરનારીનાં દુખ દુર નાશે. થઇ ૧
હેત ધરીને છાપર ગોખે આવ્યા મિત્રો આજ.
ગુણ ગઇએ, સુખી થઇએ, ભકિત લઇએ, સૌ ફરીએ.
હરીએ ફરીએ મા દરબારે, સુખ સંપત થાશે. થઇ ૨
શકિત સિંધવાઇ પાસે આવી, જોડીએ બને હાથ.
ગુંણ ગાવા, સુખી થાવા, દુખ જાવા; ભકિત લેવા.
રવીવારે " જીજીભાઇ " ગુણ ગાય દાસે, થઇ ૩

રાગ–પાટણના નૃપ નથી તુજ.

નમુ હર્ષથી સિંધવાઇ તુજને, શિવ શકિત ધારી.
છે ભકિત સારી તારી, ભજે સુજન નરને નારી.
તમે કાપી શેવક દુખ સુખ કરો માતા મારી નમુ ૧
સદા હું ધરી ભકિતમાં ચિત્ત, રાખુ ભજન માંહિ બહુ પ્રિત.
જેથી દુર રહે ભયભિત, લ્યો શેવકને તારી. નમુ ૨

રાગ—રઘુપતિરામ રૂદેમાં રેજોરે

આપો ગાવાને ગુણો માતા અમનેરે, અમે કહીએ નમન કરી તમને ટેક
જે કોઇ ગુંણુ મા તમારો ગાશેરે, તે તો સ્વધામે સુખીઓ થાશેરે.
વળી કૈલાસે અંતે જાશે. આપો ૧

ઘો દર્શન નીત " છાપર વાળીરે " કહે ભકતો મુખેથી ઉચ્ચારીરે

રાત્રિ દીવસ ભકિત માતા ધારી આપો ૨

નથી શુદ્ધ કાયા મા અમારીરે માયા મધ્યે લપટાઇ ભારીરે.

તોપણુ લેજો ભવાબ્ધિમાં તારી. આપો ૩

સુણો અર્જ "આરાશુર રાણીરે" સકળ જગ્તે તમને મા જાણીરે.

માર્યા અશુર એ મોટી એંધાણી. આપો ૪

દેવી " બહુચરા " સુખ કારીરે જેણે વિશ્વમાં કિર્તી વધારીરે.

મુવા કુકડા કર્યા જીવકારી. આપો ૫

થઇ " ચંડી " દેવી જગમાં એવીરે જેની કિર્તી સંભાળવા જેવીરે

ગાઇ ગુણો ભકિત માતા લેવી આપો ૬

શકિત " ચામુંડા " જયકારીરે ભજે પ્રેમ ધરી નરનારીરે.

થાય શુ કિર્તી જગમાં અમારી આપો ૭

દેવી " કાળીકા " ને સહુ વખાણેરે, સુખકારી જગત સહુ જાણેરે;

પ્રેમે નમીએ અમે આ ટાણે આપો ૮

દેવી "હર્ષીત" તે સુખકારીરે, ભજીએ હર્ષ થાય અમને ભારીરે,

જય દેવી હર્ષીત હર્ષકારી આપો ૯

નમીએ તમને " અજાઇ " માતારે, શુભ ટાણે ગુણ તમ ગાતારે

થાવો વિશ્વમાં અમને સુખ સાતા આપો ૧૦

ભજીએ " ખોડીયાળ " જગદેવીરે, જે છે દેવી " સિંધવાઇ " જેવીરે

મોટા મુનીવરોએ શેવી આપો ૧૧

સુખે જાપ " તુળજાના " લઇએરે, જેથી સુખીઆ જગમાં થઇએરે

ભજીએ સારો દી આનંદી રહીએ, આપો ૧૨

"આશાપુરી" આશા પુરનારીરે, ભાવે ભજે છે જગ નરનારીરે
રહ્યાં કચ્છ દેશમાં સ્થાન ધારી. આપો. ૧૩
દેવી "ભવાની" ઘણી સારીરે, ભજીએ "પાર્વતી" પ્રેમ ધારીરે;
"રૂદ્રાણી" "સીતા" "દ્રોપદી" જયકારી. આપો. ૧૪
એહ આદી દેવી એવી એવીરે, જેની કીર્તી સંભાળવા જેવીરે;
ગાઇ ગરબામાં દેવીઓ તેવી, આપો. ૧૫
પ્રિતે "જીજીભાઇ"એ વખાણીરે, અમે ઉત્સાહથી ઉર આણીરે
"દેવી સમાજ" મંડળની આ વાણી. આપો. ૧૬
અમે શહેર 'કડી' માં રહીએરે, રાજ્ય ગાયકવાડી જયાં કહીએરે
વાર રવીએ આવીએ અહીએ. આપો. ૧૭
ભજીએ ભય હરો સિંધવાઇરે, છો ભકતોને સા'ય ફળદાઇરે;
આવી વસ્યા "મણીપુર" માંઇ. આપો. ૧૮

આરતી.

જય સીંધવાઇ શકિતમા, જય સિંધવાઇ શકિત;
અખંડ બ્રહ્માંડે નીપાયા (૨) પડવે પંડે થયાં
જયો જયો મા જુગતએ.
દ્વિતીયા બે સ્વરૂપ, બહુચર તું બાળી મા.—બહુ૦
મેરૂ શિખરથી આવ્યાં (૨) ધોળાગઢવાળી જયો૦ ૧
ત્રિતીયા ત્રણ સ્વરૂપ, ત્રિપુરા તરવેણી મા.—ત્રિપુ૦
તરૂણુ સુખી ખાનદેશે, (૨) જુગ ચારે જાણી. જયો૦ ૨
ચોથ ચતુરા દરશન, જે આવે મંદીર મા—જે૦
શબ્દ આરતી કેરા (૨) શ્રવણુ દરે સુંદીર. જયો૦ ૩
પંચમે પાર્વતીજી, ઉમીયાજી કહે તે મા.—ઉમી૦
હીમાચળ તણે દ્વારે (૨) પ્રગટ ણુયાં પોતે. જયો૦ ૪
છઠે છાપર માંય, બીરાજતી માજી મા—બી૦

જગત સહુ મા તુજને (૨) નીરખી થાય રાજી. જયે૦ ૫
સપ્તમે સિંધવાઈ માત, સારદા સીકોતરી મા—સાર૦
સરસ્વતિ સાવીત્રિ (૨) જયમા સિંધેશ્વરી. જયે૦ ૬
અષ્ટમે અંબેમાત, અનપૂર્ણા અમનેશ્વરી મા.—અન૦
આશાપુરી અજાઇ (૨) અલુણી અચળેશ્વરી. જયે૦ ૭
નવમે બે બ્હેનો નંદા આનંદા મા.—નંદા૦
વસે રેવાનીતીરે (૨) જ્યાં વહે છે નર્મદા. જયે૦ ૮
દશમે દુર્ગામાત દેવતણે કારણ મા—દેવ૦
ધરીઆ દશ અવતાર (૨) દૈત પમાડયા મરણ. જયે૦ ૯
એકા દશી અગીયારસ, સૌપારે આવે મા—સૌ૦
શીશ નમાવી તુજને (૨) ગુણ તારા ગાવે. જયે૦ ૧૦
બારસ બગલા મુખી, જય બ્રહ્માણી તું મા—જય૦
બાળા સુંદરી બાળા (૨) જગત બધે જાણી. જયે૦ ૧૧
તેરસ તોતળા માત, તુલજા માહાકાળી મા.—તુલ૦
વાર રવીની મંડળી (૨) છે માતા તારી. જયે૦ ૧૨
ચઉદસ ચંડીકા, જય ચંપક વરણી મા.—જય૦
મારવાડ ચામુંડા (૨) શેવક દુખ હરણી. જયે૦ ૧૩
પુનમે પીતાંબરી, પદ નમું પરમેશ્વરી મા—પદ૦
સુર નર મુનીવરે શેવી (૨) જય જય સીંધેશ્વરી. જયે૦ ૧૪
સંવત ઓગણી સાલ, છપ્પન ચૈતર જ્યાંયે મા—છપ૦
રામ જનમ રવીવારે (૨) દાસ "કુબેર" સુત ગાય. જયે૦ ૧૫

દેશી માઢ.

જય મૈયા અમારી, છે બલીહારી, જગત વીસે મંમાય
પુરો આશા અમારી, દઇ સુખવારી છે બલીહારી. જગત–ટેક
છાપર ખંડેર મંડપ સુંદીર, ધુપધુપાદીની ધુમ.
આદીતવારે શેવક આવી, નાચેછે છનનન છુમરે.

ભક્તિ અંતરધારી, શેવકે તારી છે બલીહારી. જગ્ત. ૧

પાયે પડીને શેવક તમારા, ભક્તિ માગે માય.

ફરતાં ફરતાં માજી તમારા, હેત થકી ગુણ ગાયરે

મૈયા દુષ્મન મારી, જયજય કારી, છે બલીહારી, જગ્ત. ૨

માંથે મુગટ કાને કુંડળ, ઝળકે ઝાકમ ઝોર,

હસ્તે કંકણુ નાકે વાળી, શણુગાર સજ્યા છે શોળરે

એવી મૈયા અમારી, વિનય ધારી, છે બલીહારી, જગ્ત. ૩

શ્રી કડીબાળ રવીવાર, મંડળી લાગે તમારે પાય.

"જીજીભાઇ" માજી દાસ તમારો ગુણુ સદાએ ગાય.

ગાય સર્વ સંભાળી, ભય દુખ હારી, છે બલીહારી. જગ્ત. ૪

બનજારો

શિવ શક્તિ વિના સહુ સુન્ય, ગુણ ગાય છે મારકુંડમુન્ય—ટેક

જેની અકળ કળા ન કરાણી, કોઇ પાર ન પામે પ્રાણીરે,

માતા વિના જગત સૌ સુન્ય, ગુંણુ ૧

શિવ, બ્રહ્મા ધરે જેનું ધ્યાન, કરે નારદજી ગાંનતાંનરે,

થાય વેદ તણી જ્યાં ધુન્ય, ગુંણુ ૨

પોતે કૃષ્ણુજી બનસી બજાવે, નૃત્ય રંભાવો કરી ત્યાં ગાવેરે,

નવ રહી કાંઇ ત્યાં ન્યુન, ગુંણુ. ૩

નવ ગ્રહ તે નમવા આવે, પારે આવે ને મોતીડે વધાવે રે,

સર્વે માજી તણુે ભાવંન. ગુંણુ. ૪

સ્વર્ગ મૃત્યુ પાતાળે જેહ, વ્યાપી સર્વ ઠેકાણે તેહરે,

માના વિના જગત સૌ સુન્ય. ગુંણુ. ૫

પોહોર અષ્ટ કરે માની ભક્તિ, પામે સદાએ તે મુક્તિરે,

ગાય દાસ "કુબેરનો" તંન. ગુણુ. ૬

ક્ષત્રિકલંક નો રાગ.

નમુ કરજોડી તુજને માય, સિંધેશ્વરી તું સાચી દેવીરે,
તમ ભકિત કરૂ માજી સુખ થાય, સિંધે. ૧
ભકત વત્સલ છો દીન દયાળ, સિંધે.
કષ્ટ હરીને વિજય કરનાર, સિંધે. ૨
વળી બહુચરા અંબેમાત, સિંધે.
કાળકા દેવી તુળજા સાક્ષાત, સિંધે. ૩
આશાપુરીમા આશાપુરનાર, સિંધે,
હર્ષાત અંબાઇને ખોડીયાળ, સિંધે. ૪
બ્રહ્માણી રૂદ્રાણી દુખ હરનાર. સિંધે.
માતુ ભવાની સુખ કરનાર, સિંધે. ૫
રહ્યા ગુણ તમારા ફેલાઇ, સિંધે.
ગુણ ગાવાને શેવક આવે ધાંઇ, સિંધે. ૬
અમથાલાલ દાસ કહેવાય, સિંધે.
લાગે દેવી સમાજ મા પાય સિંધે. ૭
"બાપાલાલ" ને "છગનલાલ" આપ દાસ, સિંધે.
ગુણ ગાવાની "જીજીભાઇ" ને આશ, સિંધે. ૮

રાગ–કોઇ રબકી મરજી કયા જાણે

ધર સિંધવાઇ રચના નર ધ્યાને, ખાલી ફાંફાં તું સીધ માને,
તું ભજન દેવીનું જો જાણે, જો જાણે તો સુખો માણે, ધર
ભજદેવી તું જગની માને, આવીને આ નર આટાણે
ભકતો ભકિત માની જાણે, નાસ્તિક કહો તે શું જાણે.
નજરે "જી૦ સુ૦" ન્યારી ધાંને સબ ભજીએ સિંધવાઈ માને ધર

સમાપ્ત.

આર્યો ?—આ ફકત પ્રાર્થનાનો પહેલો ખંડ છપાવેલ છે કારણ કે આ અમારો પહેલો શ્રમ છે જો આ બુક પ્રિય થઇ અમને ઉત્તે[જન] ન મલશે તો થોડાજ વખતમાં એટલે લગભગ એક માસમાં બુંઠા પરની બુક છપાવવામાં આવશે—ભુલની ક્ષમા કરશો ?

શ્રી અંબિકા પ્રસન્નોસ્તુ:

જાહેર ખબર.

ગૃહસ્થો નીચેની બંને બુકો દર્શાવેલી **"શ્રી કડી દેવી સમાજ રવીવાર"** મંડળીના મેંબરો પાસેથી મળશે. નોટપેડ કાગળ રાખવામાં આવશે નહી.

		રૂ.—આ.—પા
મનોરંજન દેવી પ્રાર્થના પાર્થના ખંડ ૧ લો	કીંમત	૦— ૨ —૦
મનોરંજન દેવી પ્રાર્થના બાકીના બંને ખંડ સંપુર્ણ હવે ફક્ત એક માસ પછી અગાઉથી ગ્રાહક થનાર પાસેથી		૦— ૪ —૦

શ્રી કડી દેવી સમાજ રવીવાર મંડળીના મુખ્ય મેમ્બર નીચે પ્રમાણે.

શાની. અમથાલાલ કુબેર.	ગોહિલ. છજીભાઈ સુરજમલજી.
શાની. બાપાલાલ હીરાલાલ.	શાની. અંબાલાલ જગજીવન.
શાની. છગનલાલ મંછારામ.	શાની. તરભોવંન પુરશોતમ.
શાની. મથુર હરગોવંન	શાની. કેશવલાલ મોહનલાલ

ઉપરના મેમ્બરો પાસેથી રોકડી કીંમતે મંગાવો.

મુ૦ કડી શહેર, ઠે૦ મણીપુરમાં.